**વાપી ભાસ્કર 21-09-2021**

# શ્રીમદ્દ રાજચંદ્ર વિદ્યાપીઠનું વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ઉદ્યમ અભિયાનનો પ્રારંભ

ધરમપુર|શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી કરંજવેરીમાં કાર્યરત વિજ્ઞાન પ્રવાહની કોલેજ શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ દ્વારા હાલમાં વિજ્ઞાન પ્રવાહ ધોરણ-12ના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બનાવવા અને ભવિષ્યની કારકિર્દી માટેનું યોગ્ય અને સચોટ માર્ગદર્શન આપવાના ઉદ્દેશ્યથી 'ઉદ્યમ'નામક એક શૈક્ષણિક અભિયાનનો પ્રારંભ કર્યો હતો. જેમાં 30થી વધુ શાળાના 600થી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખી આયોજિત ઉદ્યમ કાર્યક્રમના પ્રથમ ચરણમાં



તેમને GUJCET અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંબંધિત સંપૂર્ણ માર્ગદર્શન તથા યાદશક્તિ વધારવાની કળા, સ્વઅભ્યાસની ક્ષમતાનો વિકાસ અને સ્વાસ્થ્યની કાળજી વિષયોની માહિતી અપાઈ હતી. દ્વિતીય ચરણમાં લેવાયેલી GUJCET અને NEET આધારિત મોકટેસ્ટમાં 300થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તૃતિય ચરણમાં આ મોકટેસ્ટના પરિણામોની ઘોષણા, વિદ્યાર્થીઓને ધો.12 પછી વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ શિક્ષણ,એડમિશનની માહિતી, સ્કોલરશિપ તથા કારકિર્દીની તકો અંગે માહિતગાર કરાયા હતા.